**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૩/૦૭/૨૦૧૭ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૩૧/૧૭**

**કાગડાપીઠ પોલીસ સ્ટેશનઃ-**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન તથા કાગડાપીઠ પોલીસ ઇન્સપેકટર એસ.એસ.મોદી સાહેબ નાઓની સુચના મુજબ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમા ચાલતી દારૂ/જુગારની ગેરકાયદેસર પ્રવૂતી નેસ્ત-નાબુદ કરવા કરેલ સુચના મુજબ આજરોજ તા-૧૩/૦૭/૨૦૧૭ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમા દારૂ/જુગારના ગુનાઓ શોધવા માટે સર્વેલન્સ સ્કોડના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન કલાક ૦૮/૦૦ વાગે. ગીતામંદિર એસ.ટી સર્કલ પાસે જાહેર રોડ પર આવતા પો.કો હિમ્મતલાલ મથુરામભાઈ તથા પો.કો ધર્મેશભાઈ હિંદુભાઈ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે "'ગીતામંદિર ટાવર પાસે જાહેરમાં કેટલાક માણસો ગોળ કુંડાળામા બેસી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમે છે" જે હકીકત આધારે નીચે જણાવેલ ઈસમો પકડાઈ ગયેલ છે.

(૧) ઈકબાલભાઈ દાઉદભાઈ તૈલી ઉ.વ-૫૪ રહે-બંગલાવાલા માર્કેટમાં પહેલામાળે મોટા બંબા ગોળલીમડા અમદાવાદ શહેર

(૨) અબ્દુલરશિદ અબ્દુલકાદર મેમણ ઉ.વ-૩૭ રહે- મ.ન.૨૬૯૫ બુખારાનો મહોલ્લો પારસી અગિયારી પાસે ખમાસાઅમદાવાદ શહેર

(૩) હિતેષભાઈ દિલીપભાઈ મકવાણા ઉ.વ-૨૯ રહે-મ.ન.૧૧૫ છોટુભાઈ હાઉસિંગ સોસાયટી છીપા કબ્રસ્તાનની બાજુમાં મજુરગામ અમદાવાદ શહેર

(૪) યાસીનભાઈ ફરીદભાઈ ખેડાવાલા ઉ.વ-૪૨ રહે-મ.ન.૩૮૦/૪ ન્યુ અંજુમન હાઈસ્કુલ આસ્ટોડીયા રોડ ગોળલીમડા અમદાવાદ શહેર

(૫) ઈકબાલભાઈ ઈબ્રાહિમભાઈ છીપા ઉ.વ-૫૨ રહે-બ્લોક નં ૭ તથા ૯ ની વચ્ચેના છાપરામાં ન્યુ.લેબર ક્વાટ્સ કાચની મસ્ઝીદ જમાલપુર અમદાવાદ શહેર.

જે ઉપરોક્ત પાંચ ઈસમો પાસેથી જુગાર રમવાના સાધનો તથા રોકડા નાણા રૂ-૫૨૬૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૨ કિ.રૂ-૧૦૦૦/- મળી કુલ્લે રૂ-૫૩૬૦૦/- ના મુદામાલ સાથે પકડી લઇ પાંચ ઈસમો વિરૂધ્ધ કાગડાપીઠ.પો.સ્ટે સે.ગુ.ર.નં-૩૧૬૦/૧૭ ધી.જુગારધારા કલમ ૧૨ મુજબના ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે

**દાણીલીમડા પોલીસ સ્ટેશનઃ-**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " વિભાગનાઓ તરફથી અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ વાહન ચોરી તથા ઘરફોડ ચોરીના બનતા ગુના શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

દાણીલીમડા પોલીસ સ્ટેશન ફ્સ્ટ ગુ.ર.નં.૭૪/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ ૧૧૪ મુજબના ગુનાના કામના ફરિયાદી જયમીન કૈલાસભાઇ ગુપ્તા ઉ.વ.૨૨ રહે : મ.નં.૨૮ સહજાનંદ પેલેસ સોસાયટી સિન્ધુ ભવન થલતેજ અમદાવાદ શહેરનાઓની ફરિયાદના કામે આરોપીઓ (૧) શાહબાજ દિલાવરખાન બલોચ ઉવ.૨૧ રહે. ચંડોળા તળાવના કાચા છાપરામાં, બસીર કિરાણા સ્ટોર્સની આગળ, હબીબ ડોકટરના દવાખાના પાસે ઇસનપુર અમદાવાદ શહેર (૨) સિકંદર બ્રિજલાલસિંગ રાજપુત ઉવ.૨૬ રહે. મ.નં.૧૩૩ શાંઇ ફ્લેટ, છોટાલાલ નવરંગ સ્કુલની સામે વિરાટનગર અમદાવાદ શહેર મુળ વતન- ગામ-ફરતકાબાદ, આ:કાઇમગંજ, સિકંદરપુર ઉત્તરપ્રદેશ. (૩) આફતાબ સ/ઓ અસફાકએહમદ શેખ ઉવ.૨૦ રહે. બ્લોક નં.૯૮, રૂમ નં.૪૬૭ અમનચોક, જુના બાપુનગર, ગરીબનગર ચાર રસ્તા પાસે બાપુનગર અમદાવાદ શહેર નાઓને એ.સી.પી શ્રી "બી" ડીવીઝન સ્કોડ ના માણસોએ પકડી લઇ કાયદેસરની કાર્યવાહી કરતા જે આરોપીઓનો કબ્જો મેળવી લઇ સદરી આરોપીઓને ગુનાના કામે અટક કરી સદરી આરોપીઓના રિમાન્ડ મેળવી સદર ગુનાના કામે ચોરીએ ગયેલ મુદ્દામાલ અલગ-અલગ કંપનીના સિલાઇ મશીનો નંગ-૨૩ કિં.રૂ.૩,૫૬,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરી સદરી આરોપીઓની પુછપરછ દરમ્યાન ઉપરોક્ત આરોપીઓ તેમજ આરોપી અફઝલઅલી અબ્દુલસત્તાર સૈયદ તથા અમરસિંહ ભીમસિંહ રાજપુત તથા અલ્તાફ રજાકભાઇ શેખનાઓએ ભેગા મળી ઉપરોક્ત ગુનો આચરેલ હોય તેમજ આરોપી સિકંદર રાજપુત તથા અમરસિંહ ભીમસિંહ રાજપુતનાઓએ ભેગા મળી કુષ્ણનગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૧૧૮/૨૦૧૭ ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ ૧૧૪ મુજબનો ગુનો આચરેલ હોય.તેમજ દાણીલીમડા પો.સ્ટેના ઉપરોક્ત ગુનાના કામે પકડવાના બાકી આરોપી અમરસિંહ ભીમસિંહ રાજપુતનાને તેના મુળ વતન ગામ-જાવાલ તા,જી-સિરોહી રાજસ્થાન ખાતેથી પકડી લઇ તથા આરોપી અફઝલઅલી અબ્દુલસત્તાર સૈયદનાઓને પકડી લઇ કાયદેસરની કાર્યવાહી કરી દાણીલીમડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૭૪/૨૦૧૭ ઇપીકો કલમ-૪૫૪,૪૫૭,૩૮૦ ૧૧૪ મુજબનો ગુનાનો મુદ્દામાલ રિકવર કરી તેમજ કુષ્ણનગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૧૧૮/૨૦૧૭ ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ ૧૧૪ મુજબનો ગુનો શોધી કાઢી ઘરફોડ ચોરીના બે ગુનાઓનો ભેદ ઉકેલી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુંઆયોજન કરી, જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.




નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.